# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી

બહુમાળી ભવન એ. વીંગ રૂમ નં. ૧૦૭ થી ૧૧૧ અમરેલી

ફોન અને ફેકસ નં. (૦૨૭૯૨) ૨૨૨૯૩૬

E-mail: amrelideo@gmail.com Website: www.deoamreli.com


સત્યમેવ જયતે

ક્રમાંક:પેન્શન/દરખાસ્ત/૨૦-૨૧/ 452

તા.૧૪/૦૫/૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા

ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ, તથા અધ્યાપન મંદીર-સા.કુંડલા, બાબાપુર,

જિ.અમરેલી

વિષય: પેન્શન કેસ સમયસર કચેરીને રજુ કરવા બાબત

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૨૮(૧) મુજબ કર્મચારીના નિવૃત્તિ ના બે વર્ષ પહેલા તેમનો પેન્શન કેસ તૈયાર કરવાની કાર્યવાહી કરવાની રહે છે,

ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૨૮(૨) મુજબ પેન્શન કેસ તૈયાર કરી નિવૃત્તિની તારીખથી એક વર્ષ પહેલા આપની શાળાએ ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨ના નિયમ-૯(૬૦) મુજબ સક્ષમ સત્તાધિકારી દ્વારા પેન્શન મંજુર કરાવી સંબંધકર્તા ચુકવણી અધિકારીને અધિકૃત કરાવવા માટે અત્રેની કચેરીને રજુ કરવાનો રહેશે, જેથી નિવૃત્તિના સમયે પેન્શનના તમામ લાભો સમયસર મળી રહે,

વધુમાં જણાવવાનું કે કેટલીક શાળાઓ નિવૃત્ત થનાર કર્મચારીઓના પેન્શન કેસ છઠ્ઠા પગાર પંચ મુજબ તૈયાર ના કરતા સાતમા પગારપંચનાં સ્ટીકરની રાહે, ઉ.પ.ધો.ની રાહે અથવા તો અન્ય કોઇ કારણોસર કચેરીને સમયસર રજુ કરતા નથી, આવી ગંભીર બેદરકારી દાખવવા બદલ આચાર્યનો પગાર અટકાવવો તથા આપના સંચાલક મંડળને જાણ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે તે સિવાય નિવૃત્ત થતા કર્મચારીના લાભો સમયસર ન મળવાથી જે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપુર્ણ જવાબદારી આપની રહેશે.

આ સુચનાઓની જાણ આપની કક્ષાએથી આપના શાળા સંચાલક મંડળને કરવાની રહેશે...

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

F:\vaghela\audit



Scanned by CamScanner